# PRESS NOTE
# CRIME BRANCH -II
# GANDHINAGAR

**OFFICE OF THE**
**SUPERINTENDENT OF POLICE**
**GANDHINAGAR**

---

## હોળીનો ફાળો ઉઘરાવવાના બહાને ચોરી કરતી મહિલા ગેંગને ગણત્રીના દિવસોમા ચોરીના મુદામાલ સાથે ઝડપી પાડી સેક્ટર ૨૧ પો.સ્ટે દાખલ થયેલ ગુનાનો ભેદ ઉકેલતી ગાંધીનગર ક્રાઇમ બ્રાન્ચ-II

------------------------------- તા-૨૧/03/૨૦૨૪ ----------------------------------------

ગઈ તા. ૧૯/03/૨૦૨૪ નારોજ ગાંધીનગર સેક્ટર ૨૧ પો.સ્ટે વિસ્તારમા કેતલીક શંકાસ્પદ મહિલાઓ આવનારા હોળીના તહેવાર નિમિત્તે ફાળો ઉઘરાવવાના બહાને નજર ચુકવી સોનાના દોરાની ચોરી કરવા બાબતેનો ગુનો નોંધાતા આ બાબતે નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી વિરેન્દ્રસિંહ યાદવ સાહેબ, ગાંધીનગર વિભાગ, ગાંધીનગર તથા પોલીસ અધિક્ષકશ્રી રવિ તેજા વાસમસેટ્ટી સાહેબ, ગાંધીનગરનાઓએ ઉક્ત ગુના સંબધે તાકીદે જીલ્લા એલ.સી.બી-૧ તથા ૨ના પો.ઇન્સશ્રીઓને જરૂરી સુચના તેમજ માર્ગદર્શન પુરૂ પાડી આવનારા હોળીના તહેવાર નિમિત્તે આ પ્રકારના બનાવો ફરીથી ના બને તે હેતુથી જરૂરી ટીમો બનાવી પેટ્રોલીંગ કરવા અંગે સુચન કરેલ.

જે અન્વયે LCB-1 તથા 2 ના પો.ઇન્સશ્રી ડી.બી વાળા તેમજ એચ.પી.પરમાર ના સીધા માર્ગદર્શન હેઠળ સદર બનાવ અંગેની ગંભીરતાને ધ્યાને રાખી જરૂરી ટીમો બનાવેલ તે દરમ્યાન એલ.સી.બી-૨ ખાતે ફરજ બજાવતા એ.એસ.આઇ કિરીટકુમાર જેઠાભાઇ તથા પો.કોન્સ. કરણસિંહ ચંદુજી નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, સેકટર-૨૧ શોપીંગ ખાતે કેટલીક મહિલાઓ સાથે મળી શંકાસ્પદ રીતે સોનાનો દોરો વેચવા માટે ફરે છે જે મળેલ માહિતી આધારે ખાનગી રાહે ટીમો બનાવી વોચ રહેતા ઉક્ત બાતમી હકીકત વાળી કુલ ૫ મહિલાઓ મળી આવતા તેઓની પાસેથી આધાર પુરાવા વગરનો એક સોનાનો મળી આવતા સદરી પાંચેય મહિલાઓને કોર્ડન કરી જરૂરી પુછ્પરછ કરતા સદરી મહિલાઓએ જણાવેલ કે તેઓ આવનારા હોળીના તહેવાર નિમેત્તે શહેરી વિસ્તારમા આવેલા મકાનોમા હોળીનો ફાગ(ફાળો) ઉઘરાવવા માટે એકત્ર થઈ ઘરે-ઘરે ફરી પાંચ મહિલામાથી એક મહિલા પોતે માતાજીના ભુવાના જાણકાર હોવાનુ જણાવી ઘરમાં રહેલ મહિલાને વિશ્વાસમાં લઈ તે મહિલાને વાતોમાં ભેળવી, ધુણવાનુ નાટક કરી મહિલાને માતાજીના આશિર્વાદ આપવાના બહાને ગળે લગાડી ગળામાં પહેરેલ સોનાના દોરાને નજર ચુકવી કાઢી લીધેલ હોવાની કબુલાત કરતા

આરોપી પાસેથી મળી આવેલ સોનાના દોરો કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ અર્થે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન સોંપવા તજવીજ કરેલ.

**પકડાયેલ આરોપીનુ નામ સરનામુ :-**

(૧) મધુબેન તે બાબુભાઇ બબાભાઇ સલાટ (વાદી) ઉ.વ.૫૫ રહેવાસી-બહીયલ સલાટ વાસ બળિયાદેવના મંદિર પાસે તા-દહેગામ જી-ગાંધીનગર

(૨) રાધાબેન મહેન્દ્રભાઇ સલાટ ઉ.વ.૩૫ રહે-બહીયલ સલાટ વાસ બળિયાદેવના મંદિર પાસે તા-દહેગામ જી-ગાંધીનગર

(૩) કાંન્તાબેન તે મંગાભાઇ સલાટની વિધવા ઉ.વ-૪૨ રહે-કપંડવંજ સલાટ વાસ તા-કપડવંજ જી-ખેડા

(૪) શારદાબેન મહેશભાઈ સલાટ (વાદી) ઉ.વ-૩૬ રહેવાસી-સલાટવાસ, કપડવંજ, તા.કપડવંજ, જી.ખેડા

(૫) શંકુબેન ગોવિંદભાઈ સલાટ (વાદી) ઉ.વ-૫૦ રહેવાસી-સલાટવાસ, કપડવંજ, તા.કપડવંજ, જી.ખેડાની

**કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ :-**

(૧) એક સોનાનો દોરો (ચેઇન) આશરે ૧૦ ગ્રામ વજનનો કિ.રૂ. ૫૮,૧૦૮/-

**પકડાયેલ આરોપીઓની એમ.ઓ:-**

આવનારા હોળીના તહેવાર નિમિત્તે હોળીનો ફાગ(ફાળો) માંગવાના બહાને ઘરે-ઘરે ફરી લોકોની શ્રધ્ધાનો ગેરલાભ ઉઠાવી પોતે માતાજીના ભુવા હોવાનો ખોટો ઢોંગ કરી ઘરમા પ્રવેશ કરી વાતોમા ભેળવી કિંમતિ દર-દાગીનાની ચોરી કરવી

**ડિટેક્ટ થયેલ ગુનાઓ:-**

(૧) સેક્ટર-૨૧ પો.સ્ટે ગુ.ર.નં-૧૧૨૧૬૦૦૭૨૪૦૧૩૩/૨૦૨૪ ઇ.પી.ક કલમ-૩૮૦,૪૫૪,૧૧૪ મુજબ

**કામગીરી કરનાર પોલીસ અધિકારી/કર્મચારી:-**

પો.ઇન્સ શ્રી એચ.પી.પરમાર

પો.ઇન્સ શ્રી ડી.બી વાળા

પો.સ.ઈ. શ્રી બી.એચ.ઝાલા

પો.સ.ઇ શ્રી જે.કે ઝાલા

એ.એસ.આઇ કિરીટકુમાર જેઠાભાઇ

પો.કોન્સ. કરણસિંહ ચંદુજી

વુ.પો.કોન્સ. જયોતિકુમાર બ્રિજમોહન

